

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

જે પર્યાય જે કાળમાં થવાવાળી છે, તે કાળમાં જ થાય છે. મુનિદશા પણ સહજ થાય છે. પહેલાં ભાવના થાય છે; પરંતુ અભિપ્રાયની પ્રધાનતા પહેલાં કરો; પછી યોગ્યતાપ્રધાની થઈ જશે. જે પર્યાય જ્યારે થવાવાળી છે ત્યારે જ થશે. ‘આપણે’ તો જ્યાં બેઠા છીએ ત્યાં કાંઈ કરવું-કરાવું નથી. ‘આપણે તો બંધ અને મુક્તિ બન્નેથી રહિત છીએ.’ (સમ્યગ્દૃષ્ટિ જીવને મુનિપદથી લઈને પૂર્ણ શુદ્ધદશાની ભાવના આવે છે તોપણ તેમને પોતાનો અક્રિય ચિદ્‌બિંબનો જ અભિપ્રાય મુખ્ય રહે છે. તેથી મુમુક્ષુ જીવને પણ દૃષ્ટિના વિષયભૂત સ્વરૂપની મુખ્યતામાં રહીને જ અધ્યાત્મદશાની ભાવના રહેવી જોઈએ; નહિતર પર્યાયદૃષ્ટિ છૂટી નહિ હોવાથી એને ભાવનાની તીવ્રતામાં પણ પર્યાય-પ્રધાનતા વૃદ્ધિગત થઈ જાશે.) (૨૯૪)

***

દૃષ્ટિના વિષયની હર સમય મુખ્યતા રહેવી જોઈએ. (બીજી) ગમે તેટલી વાત આવો, પરંતુ તેની (દૃષ્ટિના વિષયની) ગૌણતા નહીં થવી જોઈએ. (૨૯૫)

***

આખા ‘સમયસાર’માં છઠ્ઠી ગાથામાં સમ્યગ્દર્શનનો ખાસ વિષય આવી ગયો છે. છઠ્ઠી ગાથામાં સૌથી ઉત્કૃષ્ટ વાત આવી ગઈ છે. ‘હું પ્રમત્ત પણ નથી, અપ્રમત્ત પણ નથી,’ કઈ પર્યાય બાકી રહી? (૨૯૬)

***

આત્મા તો ગંભીર છે; સમુદ્રની જેમ અનંત શક્તિઓ પોતાનામાં સંગ્રહ કરીને બેઠો છે. તેની દૃષ્ટિ થતાં જ જ્ઞાનમાં પણ ગંભીરતા અને વિવેક આવી જ જાય છે. (૩૦૬)

***

‘હું’ તો વિકલ્પથી શૂન્ય છું અને મારા ભાવોથી ‘હું’ ભરપૂર છું. (૩૧૩)

***

(દ્રવ્ય -) સ્તિો અસ્થિરતા અને સ્થિરતા બન્નેને કબૂલતી નથી. (૩૬૦)

***

‘દૃષ્ટિ’ એવી પ્રધાન ચીજ છે કે સ્વભાવમાં ષ્ટિ જામતાં જ (બધા) પરિણામ ખીલતા જાય છે. (‘દંસણમૂલોધમ્મો’. જેવી રીતે મૂળમાં પાણી સિંચવાથી વૃક્ષ પાંગરે છે, તેવી રીતે.) (૩૬૮)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૧, વર્ષ–૨૪, જુલાઈ–૨૦૨૦

## અષાઢ વદ ૫, ગુરુવાર, તા.૭-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૭૬ પ્રવચન–૨૮

'સમયસાર' આઠમી ગાથા છે ને! **'जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।'** આહાહા..! એ ભગવાનઆત્મા એને ત્રણપણે કહેવો, ગાવો એનું નામ અનાર્ય ભાષા છે. એને આ રીતે સમજાવ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. પ્રભુ એકરૂપનું એને જ્ઞાન નથી તેથી ભગવાનઆત્મા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને પહોંચી વળે, પ્રાપ્ત થાય તે આત્મા, એવું કીધા વિના પેલો સમજે નહિ. છતાં એ કહેવું એ કહેનારને એ વખતે ભલે વિકલ્પ હો પણ એ અનુસરવા લાયક નથી. સાંભળનાર ભલે સાંભળે એ રીતે, આ ભગવાનઆત્મા ઉત્પાદ્-વ્યય-ધ્રુવ અથવા દર્શન, જ્ઞાન, ચારિત્રવાળો છે એમ ભલે વિચારે પણ એમાં રહેવા જેવું, અનુસરવા જેવું નથી. ન્યાંથી ખસીને જ્ઞાયકભાવમાં એકાકાર થવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?


ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. **'સમયે સમયે પર્યાયો બદલતી હોવાથી ઉત્પાદ વ્યય કરવા છતાં પણ પોતાના સ્વભાવથી અવિનાશી છે,...'** ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પલટો મારતા છતાં ઉત્પત્તિ અને વ્યય એવો પલટો ખાતાં છતાં વસ્તુનો પલટો નથી એવા અવિનાશીને ધરનારું એ તત્ત્વ છે. પર્યાયે પલટો અને વસ્તુએ અપલટો–સદૃશ રહે એવી એ ચીજ છે. આહાહા..! શું આમાં કરવું? આ આવે છે એ વ્યવહાર છે. આહા..! ભગવાનની ભક્તિ અને પૂજાનો વ્યવહાર તો બહુ સ્થૂળ બહાર રહી ગયો. સમજાય છે કાંઈ?

**'બીજી રીતે તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ છે.'** એમ વિચારવું, કહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એની હયાતીના ત્રણ પ્રકાર અને કાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ગુણવાળો આવો છે એનો વિચાર કરવો. ભગવાનઆત્મા સમ્યગ્દર્શનને ધારનાર એનો ગુણ ત્રિકાળ છે, પર્યાય સમ્યગ્દર્શનરૂપ પરિણમે છે. સમ્યગ્જ્ઞાન ત્રિકાળ છે, પર્યાયે સમ્યક્પણે પરિણમે છે, ચારિત્રરૂપ ત્રિકાળ છે, પર્યાયરૂપે (ચારિત્ર) પરિણમે છે. એવા આ ગુણ અને પર્યાયવાળો આત્મા (છે), એમ ત્રણ ભેદે એકને વિચારવો એનું નામ ભગવાન વ્યવહાર કહે છે કે જે વ્યવહાર હેય છે. આહાહા..! બાપુ! તારા ઘરમાં ગયા વિના તારો છૂટકો નથી. આવા ભેદ વિચારવા એ ઘર બહાર નીકળે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ચાર પ્રકારે વિચારતાં એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપ...'** ઇચ્છા નિરોધ. ચાર આરાધના સ્વરૂપનો વિચાર કરે. ભગવાનઆત્મા આમ વસ્તુએ જ્ઞાયકરૂપ હોવા છતાં વિચારભેદમાં જ્યારે આવે ત્યારે એમ વિચારવું (કે), આ સમ્યગ્દર્શનમય વસ્તુ, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને પરમાનંદની ઉગ્ર દશારૂપી તપ, પરમાનંદની ઉગ્ર દશારૂપી તપ (એવા) ચાર ગુણવાળો આ ભગવાન છે. પણ હું એ આ છું એમ

હું ની અંદરમાં વાત છે. આહા..! સમજાણું કાંઈ?

**'અથવા એ અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય એ ચાર અનંત ચતુષ્ટય સ્વરૂપ છે.'** ભગવાનઆત્મા પોતાની ૠદ્ધિમાં, પોતાની સંપદામાં... પોતાની (એ) અમારી કાઠિયાવાડી ભાષા છે. પોતાનીનો અર્થ અપની, એમ બધું હિન્દી સમજી લેવું. કેમ, 'રાજમલજી'? પોતામાં.. પોતામાં એટલે શું હશે? એ કાઠિયાવાડી ભાષા છે (એટલે) જરી ઓલી લાગે. પોતામાં એટલે શું? પોતામાં શું હશે? પોતામાં એટલે અપનેમેં. એમ. પોતામાં એટલે અપનેમેં, અપનામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ (એવા) અનંત ચતુષ્ટયનો ધરનાર પોતે વસ્તુ જ છે. એકને ચારપણે ધરનાર વિચારવો તે વ્યવહાર અને ભેદ છે. આહાહા..! આ વ્યવહાર આવે ભલે, (પણ એની) હોંશ કરવા જેવી નથી. આવું આવ્યા વિના રહેતું નથી. એકદમ સર્વજ્ઞપદ પૂર્ણ થતું નથી એને વાર લાગે છે. સર્વજ્ઞદશા પ્રગટ કરવાને અસંખ્ય સમય લાગે છે તો કહે છે કે, આવા વિચારો હોય, આવો વ્યવહાર હોય. (એમ) ચાર સ્વરૂપ છે.



**'અથવા એ સુખ, સત્તા, ચૈતન્ય, બોધ એ ચાર ભાવપ્રાણોનો ધારણ કરનાર છે.'** ચાર ભાવપ્રાણ લીધા. સુખ, આનંદ હોવાપણે રહેલો આનંદ અને હોવાપણું ચૈતન્ય અને બોધ–જ્ઞાન, એ ચાર ભાવપ્રાણનો ધરનાર છું. હું નો હું એ. એ આત્મભગવાન રાગ-દ્વેષ ને શરીર ને વાણી ને કર્મને ધરનાર એ તો એનામાં ગંધમાં નથી. એના વ્યવહારમાં તો ધરનાર એનો એ વ્યવહાર પણ નથી. આહાહા..! ભગવાનઆત્મા એ ચૈતન્ય, બોધ, આનંદ અને હોવું એવા પ્રાણનો ધરનાર, એ એક આવા પ્રાણનો ધરનાર (છે) એને પણ વ્યવહાર અને વિકલ્પ કહેવાય છે. સમજાણું કાંઈ? ઓ..હો...!

અથવા **'આ આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સ્વામી છે...'** ચાર લેવું છે ને? ભગવાનઆત્મા...! ચાર-ચારની વાત ચાલે છે. પોતે પ્રભુ, પોતાનું દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે એની અવગાહન–પહોળાઈ, કાળ એટલે અવસ્થા અને ભાવ એટલે શક્તિ–એ ચારનો એ સ્વામી છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સિવાય બીજી કોઈ ચીજના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો એ ધણી નથી, માલિક નથી. સમજાણું કાંઈ?

શાંતરસનો ધરનાર પ્રભુ, શાંત.. શાંત.. શાંત એકલો ઉપશમરસ, એનો ધરનાર (છે) એમ વિચારવું એ પણ ભેદ છે. સમજાણું કાંઈ? ભગવાન તો સ્વરૂપે અખંડ એકરૂપ છે, એની રુચિ, જ્ઞાન અને સ્થિરતા એ સાક્ષાત્ મોક્ષનો માર્ગ (છે) પણ એમાં જ્યારે રહી શકે નહિ ત્યારે આવા વિકલ્પો હોય છે. આવા ભેદ હોય કે, હું મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સ્વામી (છું). શરીરનો, રાગનો (સ્વામી નહિ). મારી નિર્મળ પર્યાયનો સ્વામી, હોં! રાગનો સ્વામી નહિ, શરીરનો, વાણીનો, કર્મનો, બાયડી, છોકરા, કુટુંબ, દેશ, રાષ્ટ ધૂળ, આ રાજા, નૃપતિ, નરપતિ એમ કહે છે ને. નર–મનુષ્યના પતિ-બતિ ધર્મી માનતો નથી. હું કોઈ નરનો પતિ નથી. હું તો મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો પતિ છું. આહાહા..! મારી માલિકીની ચીજ–વસ્તુ, એની ચોડાઈ, એની અવસ્થા, એની શક્તિઓ એનો હું માલિક છું. એમ ચાર ભેદે વિચાર કરવો એ પણ વ્યવહાર અને વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પાંચ પ્રકારે વિચાર કરીએ તો અનંત દર્શન, અનંત જ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર અને અનંત વીર્ય...'** લ્યો, એ રીતે લીધું. એવા સ્વરૂપ છે. ભગવાનઆત્મા અનંત દર્શનસ્વરૂપ, અનંત જ્ઞાનસ્વરૂપ, ક્ષાયિક સમકિત સ્વરૂપ, ક્ષાયિક ચારિત્રરૂપ બે એમ લીધા અને અનંત વીર્ય સ્વરૂપ. **'અથવા એનામાં ઔપશમિક,**

**ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક આ પાંચ ભાવોમાં પરિણમવાની શક્તિ છે...'** એ બીજા પાંચ લીધા, બીજા પાંચ લીધા. ઓલા પણ પાંચ લીધા અને આ પણ પાંચ લીધા. અથવા ભગવાનઆત્મા ઉપશમ સ્વરૂપે થવાની શક્તિ છે. ઉપશમ સમકિત અને ઉપશમ ચારિત્ર થવાની શક્તિવાળો છે. ક્ષયોપશમ દર્શન, જ્ઞાન અને આનંદને થવાવાળી શક્તિવાળો છે. ક્ષાયિક સમકિત દર્શન ને ચારિત્રને થવાવાળી શક્તિવાળો છે. ઔદયિક– એમાં યોગ્યતા, પર્યાયમાં રાગ થવાની એની પર્યાયમાં યોગ્યતા છે. સમજાણું કાંઈ? કર્મને લઈને નહિ, પરપદાર્થને લઈને નહિ.

કાલે મોટું લખાણ આવ્યું છે. કર્મને લઈને વિકાર ન થાય એમ 'સોનગઢ' કહે છે. 'સોનગઢવાળા' એમ કહે છે. 'સોનગઢવાળા'! કાલે જ આવ્યું હતું. શું છે? 'જૈનદર્શન'માં. એકવીસ બોલનો ઉત્તર આપે છે. પ્રભુ! તું કહે છે એ તો બધા કહેતા હતા. (સંવત) ૨૦૦૬ની સાલમાં 'રામવિજય' પણ કહેતા હતા કે, આઠ કર્મને લઈને ભગવાન કહે છે કે, રખડે છે. તમે કહો છો કે, નહિ, પોતાના અપરાધથી રખડે. લ્યો! તે દિ' ૨૦૦૬ની સાલમાં 'પાલીતાણા'માં વાંધા ઉઠ્યા હતા. સોળ વર્ષ પહેલાં. સમજાણું? 'દામોદરશેઠ' પણ કહેતા હતા, 'કર્મને લઈને વિકાર થાય. બહુ તો તમે ઓગણ પચાસ દોકડા કર્મના રાખો અને એકાવન દોકડા પુરુષાર્થના (રાખો). એમ કહેતા. જોકે બેયના અડધા-અડધા રાખવા જોઈએ. પણ તમારે બહુ જોર દેવું હોય તો આમ એકાવન રાખો.' કીધું, ના. હરામ છે. એકેય દોકડો આનો ઓછો નહિ અને એનો પણ ઓછો નહિ. સોએ સો દોકડા કર્મના કર્મમાં અને વિકારના વિકારમાં.

જુઓ! અહીં શક્તિ ધરાવે છે, એમ કીધું ને? ઔદયિક શક્તિ ધરાવવાની શક્તિ છે. પર્યાયમાં એવું થવાની એનામાં એક યોગ્યતા છે, ત્રિકાળ ગુણ નથી પણ એ પર્યાયની એવી શક્તિ છે એમ વિચાર કરવો. એમ વિચાર ન કરવો કે, કર્મને લઈને મને વિકાર થાય છે અને ફલાણાને લઈને આમ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પ્રમાણજ્ઞાન કરવા માટે કર્મ લેવું (એમ કહેવું છે).

ઉત્તર :– આમાં જ પ્રમાણ છે. ત્રિકાળ સામાન્ય અને વિશેષ પર્યાય, બેનું જ્ઞાન તે પ્રમાણ (છે). એ જ્ઞાનમાં પરવસ્તુનો પ્રકાશનો ગુણ સ્વપરપ્રકાશમાં આવી જાય છે. કહો, સમજાણું આમાં? અહીં તો પોતાના અસ્તિત્વની અંદર હોય એની વાત છે. બીજાના અસ્તિત્વના ભાગ એને ઘરે રહ્યા. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, અને પારિણામિકભાવ. એ ત્રિકાળ ભાવ. ઓલી ચાર પર્યાયો છે, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ નિર્મળ પર્યાય છે, ઉદય તે વિકારી (પર્યાય) છે (અને) પારિણામિક તે ત્રિકાળી ભાવસ્વરૂપ છે. એવા પાંચ ભાવસ્વરૂપે વિચારવો, એકને પાંચ (ભેદસ્વરૂપે) વિચારવો એ પણ વ્યવહાર છે. ઓ..હો...! કહો, સમજાણું આમાં?

એક સમયે કેટલા ભાવ હોય? પ્રશ્ન થયો હતો ને? કોક'ની સાથે પ્રશ્ન થયો હતો. પાંચ ભાવ આને કહે કે, તમે નક્કી 'આત્મધર્મ' વાંચ્યું લાગે છે. (તો આ કહે), હા, ભાઈ! 'આત્મધર્મ' વાંચીએ છીએ. 'હરિભાઈ' ઓલા નહોતા મૂક્યા? નહોતા બોલ આવ્યા? એક ફેરી મૂક્યા હતા ને? કો'કે કીધું હશે કે, પાંચ ભાવ. તમારામાં ન હોય. એ 'આત્મધર્મ'માંથી લીધું હોય. એ તો હોય છે પણ ઇ એણે એવું તારવીને મૂકેલી વાત એમાં હોય જ નહિ. એણે વાંચ્યું એની વાત છે ને? એણે વાંચ્યું એમાંથી પાંચ બોલ કીધા, એમ. કહેનારે, 'આત્મધર્મ' વાંચ્યુ એમાંથી પાંચ બોલ કીધાને? તમે શું સમજ્યા? પાંચ ભાવ એક સમયમાં કીધા ત્યારે આણે પ્રશ્ન કર્યો કે, તમે ક્યાંથી બોલ્યા? 'આત્મધર્મ' વિના હોય નહિ. ત્યારે કહે, હા, મેં 'આત્મધર્મ'માં વાંચ્યું છે. તમે સમજ્યા નહિ હજી? આમણે પૂછ્યું. ઓલાએ એમ જવાબ આપ્યો, હા, 'આત્મધર્મ' વાંચીએ છીએ.

એક સમયમાં પાંચ ભાવ હોય. ઉપશમ શ્રેણી માંડે એને ક્ષાયિક સમકિત હોય, ઉપશમભાવ હોય, ક્ષયોપશમભાવ હોય, ઉદયભાવ અને પારિણામિક ભાવ પાંચે ભાવ એક સમયમાં હોય. 'માંગીરામજી'! એ થોડી ઝીણી વાત છે. એ તો સંપ્રદાયમાં પહેલેથી વાતું કરતા. (સંવત) ૧૯૭૦, ૧૯૭૧, ૧૯૭૨ એમાં કંઈ નવી વાત

નથી. એક સમયે પાંચ ભાવ હોય એ તો પેલા થોકડામાં પણ હતું. સમજાણું કાંઈ? આવે છે, એ લોકોમાં આવે છે. પણ એ કાંઈ જુદું ન પાડે ને? જુદું પાડે નહિ. સમુચ્ચય વાંચી જાય. ઘણાનું વાંચન તો કેટલાકને સભામાં વ્યાખ્યાન દેવાની રીત કેમ શીખવી એ ઘણા અંશે હોય. એ કળા આવડી તો દીક્ષા લીધી સફળ. નહિતર શું દીક્ષા લીધી? કોઈ ગણે નહિ, બેઠા હોય, મોઢા આગળ ઊંચે બેસવું (એ) સફળ. ધૂળેય સફળ નથી, સાંભળને હવે. બીજાને સમજાવવું એ તો બધા વિકલ્પો છે. બહાર નીકળ્યા એનું ફળ શું? બહાર નીકળ્યા હોય તો લોકોમાં એમ થાય કે, આહા..! મહારાજ ત્યાગી થયા પણ પ્રસિદ્ધિ મેળવી, હોં! અમારા ગામને પ્રસિદ્ધિ મેળવી દીધી, જે ગામના હોય એ લોકો એમ કહે. એ માર્ગ હશે? પ્રસિદ્ધિ તો આત્માની અંદર મેળવવી એ પ્રસિદ્ધિ છે. આત્મપ્રસિદ્ધિ!

પાંચ ભાવવાળો આત્મા. છે? એક સમયે પણ પાંચ ભાવ હોય, હોં! કીધું ને? એ પાંચે ભાવ આત્મામાં જ હોય. કર્મમાં ને પુદ્‌ગલમાં તો એક પારિણામિક ભાવ અને બહુ તો કર્મમાં ઉદય ને પારિણામિક. આત્મામાં જ પાંચ ભાવ હોય એનો વિચાર એણે કરવો. **'આત્મા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચ પરમેષ્ઠી પદનો ધારક છે...'** પાંચ પરમેષ્ઠીના પદની પર્યાયનો ધરનાર ભગવાનઆત્મા છે. હું જ પોતે અરિહંતની પર્યાયને ધરવાવાળું મારું તત્ત્વ છે. એ શક્તિ મારામાં પડી છે. સિદ્ધની પર્યાયને ધરનાર મારી શક્તિ પડી છે. આચાર્ય એટલે કે નિર્મળ ગુણની પર્યાયને આચાર્ય કહે છે, કાંઈ વિકલ્પ અને બહારની ક્રિયાકાંડને નહિ. આચાર્યના પંચ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, તપાચાર–નિર્વિકલ્પ જે આચાર એની પર્યાયનો પિંડ તો હું આત્મા છું. એમ ઉપાધ્યાયની નિર્મળ પર્યાય અને સાધુની નિર્મળ પર્યાય એનો ધરનાર હું આત્મા છું. એમ એણે આત્મામાં પાંચ પદના ધરનાર તરીકે વિચારવો એ વ્યવહાર છે, એ પણ વ્યવહાર છે. કહો, સમજાણું? ઓહો! ઠીક લખાણ કર્યું છે, હોં!

**'આ આત્મા નરક, પશુ, દેવ, મનુષ્ય, સિદ્ધ ગતિ આ પાંચ ગતિઓમાં જવાની શક્તિ રાખે છે.'** એમ વિચારવું. ગતિની યોગ્યતા પણ મારે લઈને છે, મોક્ષ ગતિની યોગ્યતા પણ મારે લઈને છે. એમ અંદરમાં પોતાની સત્તાનો આ પાંચ પ્રકારે વિચાર કરવો, એ એક સ્વરૂપમાં પાંચ પ્રકારનો વિચાર તે વ્યવહાર છે.

છ પ્રકારે વિચાર. **'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર સ્વરૂપ છે...'** અથવા ગુણ સ્વરૂપ છે, એવા ગુણ સ્વરૂપ છે. **'અથવા પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉપર, નીચે...'** છ દિશાની વાત કરે છે. છ આ લેવા, છ આ લેવા અને કાં છ દિશાઓ લેવી, એમ કહે છે. એ છ દિશામાં જવાની શક્તિ ધારે છે. ઊર્ધ્વ, અધો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ છમાં (જવાની) પોતાની શક્તિ રાખે છે, કર્મને લઈને નહિ. કહો, સમજાણું? નરકમાં જવાની યોગ્યતા પણ પોતાની પર્યાયમાં પોતાને કારણે છે. પશુમાં જવાની, નિગોદમાં જવાની પર્યાયની યોગ્યતા પોતાને કારણે છે. પોતાના અસ્તિત્વમાં સત્તાની યોગ્યતાથી છે, પર તો નિમિત્તમાત્ર ચીજ છે. સમજાણું? છ ગુણ સ્વરૂપ અથવા છ દિશામાં જવાની યોગ્યતાવાળો છે.

અથવા આત્મા છ ગુણવાળો છે. ઓલા અસ્તિત્વ આદિ લીધા ને! સામાન્ય ગુણ આવે છે ને? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં છ (ગુણ આવે છે). અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ એ છ સમ્યક્ ગુણનો ધારી છે, એ છ સાચા ગુણનો ધારી છે. સમજાણું?

સાત પ્રકારનો વિચાર કરે તો **'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત જ્ઞાનચેતના, અનંત વીર્ય...'** લ્યો, પહેલા જ્ઞાન તો નાખ્યું (છે). **'ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર આ સાત ગુણ સ્વરૂપ છે...'** અથવા સાત ભંગ સ્વરૂપ છે, એમ વિચારવું. સપ્તભંગી લીધી. સ્યાત્ સ્વથી અસ્તિ, સ્યાત્ પરથી નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. સાત ભંગથી આત્માને વિચારવો ભેદથી એ પણ એક જ્ઞાનની

વિકલ્પની દશા છે, જ્ઞાનમાં એ જાતની (દશા છે). આ રીતે વિચારવું પણ ઘરે છે, એમાં છે, એ સાતે સપ્તભંગી આત્મામાં છે એમ વિચારવું. પરને લઈને એ નથી. સમજાણું કાંઈ? પોતાનું હોવાપણું પોતાથી છે અને પોતાનું પરથી નહિ હોવાપણું પણ પોતાથી છે. એમ ભગવાનઆત્માને વિચારવો.

**'અથવા આ જીવને કારણે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત તત્ત્વોની વ્યવસ્થા થાય છે...'** લ્યો, સાત તત્ત્વ એની દશામાં થાય ને? એમ વિચારવું. આત્મા સાત નયે વિચારવો. સાત નયથી (વિચારવો). ઠીક છે. **'નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર, શબ્દ, સમભિરૂઢ,...'** એમ થોડી ઝીણી વાત છે.

**'નવ પ્રકારે વિચાર કરીએ તો આત્મા નવ કેવળલબ્ધિરૂપ છે.'** એમાં ફક્ત આઠ નથી આવ્યા. આઠ છે નહિ. બે, ત્રણ, ચાર, પાંચ, છ, નવ, સાત. એમ બોલ લીધા છે. સમજાણું? નવ પ્રકારે વિચારે તો કેવળી ભગવાનને નવ લબ્ધિ થાય છે. એ રૂપે હું છું. અત્યારે એવો હું છું, એમ હોં! અનંત જ્ઞાન, અનંત દર્શન.. એ લબ્ધિની પર્યાયની પ્રાપ્તિને લાયક હું જ પોતે આત્મા છું. સમજાણું કાંઈ? પોતે પ્રાપ્તિને લાયક છે ને? બીજો કોણ દઈ દે એવું છે? સમજાણું? નવ પ્રકાર – **'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ,...'** એક વાર ભોગવવું, વારંવાર ભોગવવું. **'અનંત વીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્રરૂપ...'** લ્યો, એ નવ થયા. નવ લબ્ધિનો ધરનાર હું છું. આ બધા આંકડા યાદ રહે એવા નથી, પણ એમાંથી ભાવ તો યાદ રહે ને?

મુમુક્ષુ :– આંકડાનું શું કામ છે?

ઉત્તર :– આંકડાનું શું કરવા કરે? વાત ઠીક કહે છે. આંકડાનું કામ છે કે ભાવનું કામ છે?

**'અથવા આ આત્મા પુણ્ય-પાપ સહિત સાત તત્ત્વ એવા નવ પદાર્થોમાં સ્થિત થાય છે.'** છે ને? પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષની પર્યાયમાં ટકનારો આત્મા છે કે નહિ? આહાહા..! ઠીક ઠીક વિચાર કર્યો છે. એ ઘણું આવે છે. 'પંચાસ્તિકાય'માં આવે છે ને? એક રૂપે, બે રૂપે, ત્રણ રૂપે, ચાર રૂપે આવે છે. આમાં પણ આવે છે, આ લોકોમાં પણ આવે છે. 'દેવાધિગમ'માં બધા ભંગ શ્વેતાંબરમાં આવે છે.

**'જીવની અપેક્ષાએ નવ પદાર્થોનો વિચાર છે. આ રીતે આત્માને અનેક ગુણ તથા સ્વભાવવાળો વિચારવો જેથી વસ્તુનો વિચાર સમભાવથી થાય. રાગદ્વેષ અને સાંસારિક વિકલ્પો જીતી શકાય.'** એમાં બીજાનો વિચાર નહિ એટલે એમાં રાગની તીવ્રતા આવે નહિ. **'ગુણોની ભાવના કરતાં કરતાં જ સ્વાનુભવની શક્તિ આવે છે,...'** એ ગુણોનું બહુમાન કરતાં કરતાં.. ભલે વિકલ્પ છે, એમાંથી ખસીને અંદરમાં એકાકાર થાય એને અંતરનો અનુભવ કહેવામાં આવે છે. **'વિકલ્પ રહિત ભાવમાં આવવું તે જ સ્વાનુભવ છે.'** ભેદરહિત, વિચારરહિત થઈને અંદરમાં અવલંબન કરવું. વિકલ્પ રહિત અનુભવ છે, ઓલો ભેદ છે એ તો વિકલ્પ છે.

'સમયસાર'નો દાખલો આપ્યો છે. જુઓ! શક્તિનું વર્ણન છે ખરું ને? ઠીક મેળવ્યું છે. ૪૭ શક્તિઓ. **'આ આત્મા જુદા જુદા પ્રકારની શક્તિઓનો સમુદાય છે. એક એક નયથી એક એક ગુણની પર્યાય અથવા શક્તિનો વિચાર કરવાથી આત્માનો ખંડરૂપ વિચાર થાય છે...'** જુઓ! એક એક ગુણનો વિચાર કરવાથી એક એક ગુણ રૂપમાં વિકલ્પમાં ઊઠે છે. **'તેથી ખંડરૂપ વિચાર છોડીને હું એવો અનુભવું છું કે એ અખંડ છે તો પણ અનેક ભેદવાળો છે, એક છે,...'** અંદર ભલે ભેદ છે, ભેદ છે છતાં દૃષ્ટિમાં ભેદ નથી. **'એક છે, પરમ શાંત છે, નિશ્ચય છે, ચૈતન્યમયી જ્યોતિ સ્વરૂપ છે.'** લ્યો! એક ગાથામાં પચાસ મિનિટ થઈ. આંકડા ઝાઝા હતા ને! એકદમ મૂકી દેવાય એવા નહોતા.

મુમુક્ષુ :– પાંચ નો લીધા?

ઉત્તર :– પાંચ કીધા ને! બે-ત્રણ વાર કીધાં. ગમે ત્યાંથી લ્યો, પાંચ બે વાર આવે છે. પાંચ ભાવવાળો લ્યો, પાંચ ગુણવાળો લ્યો. બે વાતમાંથી ગમે તે લ્યો. અહીંયાં પણ બે વાર આવ્યું. એકવાર **'पंच'** ને પછી **'पंच'**. એમાં ગમે તે પાંચ બોલ લ્યો. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય... હવે ૭૭.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૧૬૭ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૪–૨–૧૯૮૩, પ્રવચન નં. ૬૫૭ (વિષય : માર્ગદર્શન)**

**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના પામરતાના સંસ્કાર છૂટશે નહીં. ને તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. ૧૬૭.**

એટલે 'શ્રીમદ્‌જી' એવું લખે છે કે કોઈ ભુજાએ કરીને સ્વયંભુરમણસમુદ્ર તરે કે એકલે હાથે દસ હજાર સુભટને, સૈનિકને નહિ, સુભટને—સોલ્જરને હરાવે, એના કરતા દર્શનમોહ ટાળે એની શક્તિ વિશેષ છે. આમ લીધું છે. એની શક્તિ વિશેષ છે. એને જે અંતરંગ આત્મશક્તિનો વિકાસ થયો એ અનંત શક્તિના પિંડના આધારે કર્યો છે. એનો આધાર ભગવાન છે- પોતાનો નિજપ્રભુ છે.

કહે છે કે એના અનુભવનો આસ્વાદ આનંદઅમૃતનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી '**ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી.**' સ્વરૂપનો અનુભવ થાય અને એ અશુદ્ધ સંસ્કાર એમનેમ એના મૂળિયા સાજા રહે એમ બે વાત બનતી નથી.

કોઈ એમ કહે કે અમને આત્માનો આનંદ તો આવી ગયો છે. ભલે અંદરમાં બીજી પરિસ્થિતિનો ફેર કાંઈ ન થયો હોય પણ અમને આનંદ આવી ગયો ને. કહે છે, એવું બનતું નથી. મિથ્યાત્વ અને અજ્ઞાન મૂળમાંથી અશુદ્ધતાના સંસ્કારને કાપે છે, ધોઈ નાખે છે, મૂળમાંથી ક્ષય કરે છે અને સ્વરૂપનો અનુભવ થાય છે એમ ને એમ સ્વરૂપનો અનુભવ થતો નથી.

'**અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી.**' એટલે કે સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે મૂળમાંથી અશુદ્ધતાના સંસ્કાર સાફ થઈ જાય છે. જેણે પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ કર્યો એણે ત્રણ લોકના તમામ પ્રકારના વૈભવોને તિલાંજલી એકવાર આપી દીધી છે. 'જગત ઈષ્ટ નહિ આત્મથી'. આ પ્રકાર એના પરિણામમાં આવ્યો છે કે આખા જગતના તમામ પ્રકારની વિધવિધતાના જેટલા કોઈ વિષય વિવિધ છે એ કોઈ આ આત્માને ઈષ્ટ નથી. મારા સ્વરૂપમાં રહેલું જે સુખ અને આનંદ છે એ જ મને ઈષ્ટ છે. ભોગવવા લાયક તો આનંદ અને સુખ છે ને? સુખ, શાંતિ, આનંદ આ ભોગવવાના પરિણામ છે. એનાથી ઈષ્ટ કાંઈ નથી. જગતની કોઈ દૌલત, જગતનો કોઈ વૈભવ, જગતનો કોઈ વિષય પોતાની નિજ શાંતિ, સુખ અને આનંદથી

અધિક નથી. એવો મહાવિવેક જેને ઉત્પન્ન થયો છે એ જીવ સર્વ પ્રકારથી લક્ષ છોડીને બધી જ જગ્યાએથી પરિણામને સંકેલીને એક શુદ્ધાત્મામાં કેન્દ્રિત થાય છે ત્યારે એને અંદરમાં રહેલું જે આત્મિક સુખ અને આત્મિક આનંદ જે અમૃતસ્વરૂપ છે, આનંદઅમૃતસ્વરૂપ છે એના અનુભવમાં એ આવે છે. જ્યાં સુધી જીવ એવા પોતાના આનંદઅમૃત સ્વરૂપને અધિકાઈ આપતો નથી ત્યાં સુધી એને બહારની અધિકાઈ છૂટતી નથી. અને બહારની અધિકાઈને જ્યાં સુધી વળગી રહે છે ત્યાં સુધી એ પોતાના સ્વરૂપને અધિક ગણતો નથી. બે પરસ્પર વિરુદ્ધ હોવાથી એકસાથે રહી શકતા નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- સંસ્કાર શબ્દ, અશુદ્ધ સંસ્કાર..

પૂજ્ય ભાઈશ્રી :- અશુદ્ધ સંસ્કાર એ મૂળ, મૂળ લેવું છે. આમ દેખાય કે ત્યાગ કર્યો છે એટલે વિષયને ગ્રહણ કરતો નથી. જંગલવાસી થયો છે એટલે લોકોના જગતના જીવોના સંસર્ગમાં નથી, અસંગદશામાં છે. જીવ જંગલમાં અસંગદશામાં જઈને રહે અને કોઈ પંચેન્દ્રિયના વિષયનું ગ્રહણ એને ન હોય તો એને એ પ્રકારના પરિણામ પ્રત્યક્ષપણે જોવામાં આવતા નથી, અશુદ્ધ પરિણામો, પણ જ્યાં સુધી અંદરમાં પરિપૂર્ણ શુદ્ધ, એકાંત શુદ્ધ જે શુદ્ધાત્મ સ્વરૂપ છે, સર્વાંગ શુદ્ધ અનાદિઅનંત જે શુદ્ધ છે એવા જીવસ્વભાવનો અનુભવ કરીને આનંદઅમૃત જ્યાં સુધી એણે વેદ્યું નથી, અનુભવ કર્યો એનું આ પ્રગટ લક્ષણ છે કે એને આનંદઅમૃતનો, સ્વરૂપના આનંદઅમૃતનો એને સ્વાદ ને વેદન આવે છે, એ જ્યાં સુધી એ પ્રકારમાં આવ્યો નથી ત્યાં સુધી એને ખરેખર મૂળમાંથી અશુદ્ધતાના સંસ્કાર નથી ગયા. પરિણામ પ્રગટપણે ભલે ન દેખાતા હોય પણ એને કષાયની ઘણી મંદતા દેખાતી હોય.

આ દ્રવ્યલિંગીનું દૃષ્ટાંત જે શાસ્ત્રમાં આવે છે એની કષાયની મંદતાનો સહસ્ત્રાંશ પણ અત્યારે કોઈને જોવામાં આવતો નથી. શાસ્ત્રમાં જે જૈનના દીક્ષા અંગીકાર કરેલા દ્રવ્યલિંગી સાધુ, ભાવલિંગી સાધુમાં નહિ એટલે ભાવે સાધુ નહિ, દ્રવ્યે સાધુ, એની કષાયની મંદતા એટલી છે કે અત્યારે કોઈને સહસ્ત્રાંશ પણ જોવામાં ન આવે, જે શાસ્ત્રોક્ત છે, છતાં એને અનંત સંસાર કહ્યો છે. અનંત સંસારી કહ્યો છે. એને સંસારતત્ત્વ જ એને 'પ્રવચનસાર'માં કહ્યું છે. 'પ્રવચનસાર'માં એને સંસારતત્ત્વ કહ્યું છે. એ તો સમર્થમાં સમર્થ એ દૃષ્ટાંત છે. એના પેટાભેદમાં બધું આવી ગયું.

ત્યારે અહીંયાં કહે છે કે એ સંસારતત્ત્વ છે એનું મૂળ કોણ કાપે છે? કે જે શુદ્ધાત્માનુભવ છે, પ્રથમ સમ્યગ્દર્શનના કાળમાં જે આનંદનો અનુભવ થાય છે એ મૂળમાંથી એના સંસ્કારને કાપે છે. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહનો અભાવ થાય એને જ ચારિત્રમોહની અશાંતિ છે. દર્શનમોહનો સદ્ભાવ છે એમાં ભલે ઘણી શાંતિ દેખાતી હોય તોપણ અશાંતિ એમ ને એમ પડી છે, અનંત અશાંતિ હજી એમ ને એમ પડી છે. એટલે તો દર્શનમોહના સદ્ભાવમાં જે કોઈ અશુદ્ધ પરિણામ થાય છે એને અનંતાનુબંધીના પરિણામ કહેવામાં આવ્યા છે. અનંત અનુબંધ કરે છે. દ્રવ્યે અનુબંધ કરે તો ભાવે પણ એમાં અનંતતા રહી છે તો દ્રવ્યે અનંત અનુબંધ છે. જે અનુબંધ દ્રવ્યકર્મનો છે એ એમ સૂચવે છે કે ભાવમાં પણ અનંત કષાય પડ્યો છે. એટલે દ્રવ્યલિંગીને શાંતિ ઘણી દેખાય છે. એવી શાંતિ અત્યારે કોઈને પ્રગટ જોવામાં આવે નહિ. એનો હજારમો ભાગ ન દેખાય. પણ એ શાંતિ નથી. ત્યાં અનંતાનુબંધી અનંત અશાંતિ પડી છે. પણ અંદરમાં દબાયેલી છે. ભારેલા અગ્નિની જેમ એ દબાયેલી છે.

કહે છે, ૧૬૭ બોલ છે, '**અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી.**' અથવા બંને એક કાળે થાય છે. જ્યારે આનંદરસકંદ પ્રભુનો અમૃતનો આસ્વાદ આવે છે ત્યારે અશુદ્ધભાવ મૂળથી છૂટે છે અને અશુદ્ધભાવ મૂળથી ન છૂટે અને આનંદઅમૃતનો અનુભવ આવે એવું કદી બનતું નથી. બંને એક સમયમાં થાય છે. એકનો વ્યય અને બીજાનો ઉત્પાદ એક જ સમયમાં છે. બે પરિણામ છે એમાં એકની વ્યયની પ્રક્રિયા છે, બીજાના ઉત્પાદની પ્રક્રિયા છે. બે એક જ સમયમાં છે.

મુમુક્ષુ :- એટલે પુરુષાર્થ સ્વરૂપનો રસ ..

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપનો રસ પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવો. એમાં સહજપણે પરરસ તૂટે છે. અથવા બીજું પૂછીએ કે પરરસ તૂટવાના પુરુષાર્થમાં શું કરશો તમે? કે પરપદાર્થનો ત્યાગ કરશો. બીજું શું કરશો? પરપદાર્થનો ત્યાગ કરશો. પણ પરપદાર્થનો ત્યાગ થાય એટલે પરપદાર્થ પ્રત્યેના પરિણામ કાંઈ ન જ ઉત્પન્ન થાય એવું તો કાંઈ નથી. એ તો નિમિત્તના સદ્ભાવમાં જેમ બાહ્ય પરિણામ ઉત્પન્ન થાય છે, એમ બહારના નિમિત્તના અસદ્ભાવમાં પણ પરિણામની ઉત્પત્તિ તો થઈ શકે છે. કેમકે પરિણામને, જે વિકારી પરિણામને ઉત્પન્ન થવું છે એને બહારના નોકર્મની આવશ્યકતા નથી કે એ હોય તો થાય અને ન હોય તો ન થાય. એ કર્મના ઉદય સાથે સંબંધ ધરાવે છે. જીવનો વિભાવ પરિણામ કર્મના ઉદય સાથે જોડાય છે. એ અંદરનું સૂક્ષ્મ જોડાણ નથી જોઈ શકાતું. કેમકે કર્મ સૂક્ષ્મ પર્યાયે પરિણમેલા પરમાણુ છે. એટલે એ કોઈ ઇન્દ્રિયજ્ઞાનનો વિષય થતા નથી. ઇન્દ્રિયજ્ઞાન તો સ્થૂળ જ્ઞાન છે કે જેમાં સ્થૂળ પર્યાયને પ્રાપ્ત હોય એવા જ પરમાણુઓની પર્યાય જ્ઞાનમાં આવી શકે. સૂક્ષ્મ પર્યાયને પ્રાપ્ત હોય એવા પરમાણુઓ એની અંદર જ્ઞાનમાં આવતા નથી. એ ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી થતાં. એ જાડું સ્થૂળ જ્ઞાન છે. સાણસાથી એરુ પકડાય, મોતી ન પકડાય. એમ છે. એના માટે સવાણી જોઈએ. એમ જ્ઞાન ત્યાં જાડુ છે, સ્થૂળ છે.

પણ ખરેખર વિભાવનું જોડાણ અંદરમાં કર્મના વિપાક સાથે છે. કર્મનો ઉદય વિપાક જે આવ્યો, સત્તામાં તો એ કર્મ ઘણા વખતથી પડ્યા હોય છે, પણ જ્યારે એ વિપાક પાકે છે ત્યારે એનો જે સ્વાદ છે—ક્રોધ પ્રકૃતિનો જે સ્વાદ, લોભ પ્રકૃતિનો સ્વાદ, ક્રોધ, માન, માયા, લોભ આદિ પ્રકૃતિનો જે સ્વાદ છે, એ સ્વાદ એની અંદર એવો છે કે જેવો ભાવ થાય છે એવો છે. જેમ મરચાની તીખાશ જણાય છે એમ. એવો એ સ્વાદ આવે છે. એ સ્વાદ ત્યાં પ્રગટ થાય છે.

જેમ દિવાસળીમાં અગ્નિ હતી એ પ્રગટી, ભડકો થયો. એમ ત્યાં વિપાક આવે છે ત્યારે એનો સ્વાદ પાકે છે. કેરી પાકે છે ત્યારે મીઠા રસની થાય છે ને? ખાટીમાં મીઠો રસ ન હોય. એ વિપાકના કાળે જીવ જો પોતાના આનંદઅમૃતના સ્વાદમાં પોતાના ઉપયોગથી જોડાણમાં ન રહે અથવા પરિણતિથી જોડાણમાં ન રહે તો એ વિપાકમાં એકાકાર થાય છે. બહારમાં નોકર્મરૂપ સંયોગનું જોડાણ હો વા ન હો એની સાથે કોઈ એને નિયમ છે નહિ. એ તો પૂર્વ કર્મ તો જ્યાં સુધી એણે નાશ નથી કર્યા ત્યાં સુધી એનો ઉદય ચાલુ જ છે. સર્વ જીવોને આઠેય કર્મનો ઉદય નિરંતર વર્તે છે. સર્વ સંસારી જીવોને આઠેય કર્મનો ઉદય એક સમયનો આંતરો પડ્યા વિના નિરંતર હોય જ છે.

... પરિણામથી એનો સંબંધ ન છોડે અને એ સંબંધના પરિણામ, પરિણામનો સ્વભાવ સંબંધ કરવાનો છે, એ સંબંધ કરવાનો સ્વભાવ નિજાત્મ સ્વરૂપમાં સંબંધ ન કરે એ પરિણામ પરમાં સંબંધ કરે, ઉદય સાથે સંબંધ કરે તો એ વિકારપણાને પ્રાપ્ત થાય. જો અવિકારી સ્વરૂપ સાથે એ પરિણામ સંબંધ કરે તો અવિકારપણાને પ્રાપ્ત થાય. બસ! એ એનો પરિણામસ્વભાવ છે. સંબંધ કરવું અને જેની સાથે સંબંધ થાય એમાં તદાકાર થવું એ એનો–પરિણામનો સ્વભાવ છે. પરિણામ ધર્મ છે એ. પરિણામ તો પોતાના ધર્મથી વર્તે છે.

એટલે એને આ બધું જ્ઞાન કરાવે છે કે જો ભાઈ, તું એક આત્મા ચૈતન્ય નામનો પદાર્થ છો. તારા પરિણામનો ધર્મ એવો છે કે જો તું અન્ય પદાર્થો સાથે સંબંધ કર તો તદાકાર ત્યાં થઈશ. તેવા આકારે તારા પરિણામ થશે. તદાકાર એટલે તેવો આકાર. જો એ જ પરિણામને તું નિજ સ્વરૂપમાં લગાવીશ તો ત્યાં તદાકાર થશે. અને નિજ સ્વરૂપ કેવું છે? કે ત્રિકાળ શુદ્ધ છે, નિર્દોષ છે, અકષાયસ્વરૂપ છે, આનંદઅમૃત શાંતિથી ભરેલું છે. આ બેય જ્ઞાન કરાવ્યું સ્વપર પદાર્થનું. એમાંથી વિવેકી જીવ વિવેક કરે છે કે અરે..! મારે શાંતિ અને સુખ જોઈએ. બહારમાં પણ અન્ય વિષયમાં પરિણામ પણ હું સુખ અને શાંતિ માટે લગાવું છું પણ તૃપ્તિ થતી નથી ને શાંતિ મળતી નથી. તો હવે મારા સ્વરૂપમાં લગાવું તો મને તૃપ્તિ અને શાંતિ મળે. એમ એને એ વાત ઉપર અને

એ વિષય ઉપર વિશ્વાસ આવે છે.

વિશ્વાસ આવવાનું કારણ એ છે કે કહેનાર તે રૂપે થઈને કહે છે. આપ્તપુરુષ કહ્યા ને? અઢાર દોષ રહિત આપ્તનું સ્વરૂપ છે. આપ્ત એટલે વિશ્વસનીય. જેના ઉપર વિશ્વાસ કરવા યોગ્ય છે તેને આપ્ત કહેવામાં આવે છે. એવા જે સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવ જે પરિપૂર્ણ શુદ્ધ દશાને પ્રાપ્ત થયા છે એ શુદ્ધ થઈને, શાંત થઈને, આનંદિત થઈને કહે છે. તેથી તેમના વચન ઉપર વિશ્વાસ મૂકવામાં આવે છે. અહીંયાં જોડાણ થવાથી દુઃખ થાય અને અહીંયાં જોડાણ થવાથી સુખ થાય. એમ એ રૂપ થઈને એમણે એ કહ્યું. એમ ને એમ કહ્યું નથી પણ એ રૂપ થઈને એમ કહ્યું. એવું જ વીતરાગી ગુરુઓએ એ રૂપ થઈને કહ્યું. પછી સમ્યગ્દષ્ટિઓ કહે છે એ તો એના એજન્ટ છે—આડતિયા છે. 'ગુરુદેવશ્રી' કહેતા ને? કે ભગવાનના આડતિયા થઈને આ વાત આવે છે. એ ગુરુને પણ આડતિયા કહે છે, સમ્યગ્દષ્ટિને પણ આડતિયા કહે છે. એનો માલ વેચીએ છીએ, એનો માલ છે આ. ત્યાંથી મૂળ જે... ધર્મનું મૂળ સર્વજ્ઞ છે.

'શ્રીમદ્ રાજચંદ્રજી'એ તો બહુ શરૂઆતમાં ૨૦મા વર્ષમાં આ વાત લખી છે કે ધર્મનુ મૂળ સર્વજ્ઞ છે અને જેણે ધર્મ પ્રણિત કરવો હોય, પ્રતિપાદિત કરવો હોય એણે સર્વજ્ઞતાથી ધર્મનું પ્રતિપાદન કરવું. સર્વજ્ઞને વચમાં લાવવા નહિ એ વાત હોઈ શકે નહિ. પહેલા સર્વજ્ઞને સ્થાપવા જોઈએ કે આવું જે તત્ત્વ નિરૂપિત થયેલું છે, સ્થાપિત થયેલું છે એના કહેનાર કોણ છે? કે પરિપૂર્ણ નિર્દોષ પરમાત્મા છે એણે આ વાત કરી છે. નિર્દોષતામાંથી આવેલી વાત પ્રમાણિક છે, સદોષતામાંથી આવેલી વાત પ્રમાણિક નથી. એ મૂળ છે આ વિષયનું.

એ કહે છે કે '**અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી.**' અને આનંદરસકંદ પ્રભુનો આનંદઅમૃતનો આસ્વાદ આવ્યા વિના એ અશુદ્ધ સંસ્કાર છૂટતા નથી. '**રાગની એક્તાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી.**' હવે એની એ વાત ફરીને કહે છે કે અશુદ્ધ સંસ્કાર છૂટ્યો, અશુદ્ધ ભાવ છૂટ્યો એટલે શું છૂટ્યું? કે રાગની એકતા તૂટી. રાગ નથી તૂટ્યો હજી. સમ્યગ્દષ્ટિને, છદ્મસ્થ જીવને રાગ ક્યાં સુધી છે? કે પરિપૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આંશિક રાગ છે. શુદ્ધતા પણ પ્રગટ થઈ છે એટલે એના પરિણમનમાં પૂરે પૂરી અશદ્ધતા નથી. આંશિક શુદ્ધતા અને આંશિક અશુદ્ધતા એવી સાધકની સ્થિતિ ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન પર્યંત છે. એમાં ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનમાં બુદ્ધિપૂર્વક ઈચ્છા થાય અને એ સમજી શકે એવો રાગ થાય છે. પોતાનો રાગ પોતે જ્ઞાનમાં પકડી શકે એવો રાગ થાય છે. એને સવિકલ્પ રાગ, ઈચ્છાવાળો રાગ, બુદ્ધિપૂર્વકનો રાગ કહેવામાં આવે છે. અને સાતમા ગુણસ્થાનથી એવો રાગ બંધ થાય છે. સાતથી બાર ગુણસ્થાન સુધી રાગ હોય છે પણ તે અબુદ્ધિપૂર્વકનો હોય છે.

શુદ્ધોપયોગ પણ હોય છે અને રાગ પણ અબુદ્ધિપૂર્વકનો હોય છે. એ રાગ એને તેરમું ગુણસ્થાન અરિહંતદશા પ્રાપ્ત થતાં સર્વાંશપણે નાશ પામે છે. છેલ્લે જે યથાખ્યાત ચારિત્ર પ્રગટ થયું ત્યારે બારમામાં રાગ જાય છે પણ ત્યાં હજી જ્ઞાન પૂરું નહિ હોવાથી, જ્ઞાન અનંતમે ભાગે, કેવળજ્ઞાનથી પણ અનંતમે ભાગે જ્ઞાન હોવાથી ત્યાં હજી પૂર્ણ અરિહંતદશા કહેવામાં આવતી નથી. ત્યાં જેવી દશા સિદ્ધિની દશા છે, જે ચાર અઘાતિ જઈને જે સિદ્ધ પરમાત્માની જેવી દશા હોય છે એવી અહીંયા એ અપેક્ષાએ અરિહંતની દશા છે. અસિદ્ધત્વ છે એ અઘાતિ રહ્યા છે, કંપન્ન રહ્યું છે એને કારણે છે. પણ એમાં ભાવ અશુદ્ધતા નથી, ભાવે અશુદ્ધતા એમાં નથી. એમાં જ્ઞાન અલ્પ રહ્યું બારમા ગુણસ્થાને, ચારિત્ર પૂરું થયું, રાગ ગયો. રાગની અશુદ્ધતા ગઈ પણ જ્ઞાનની અશુદ્ધતા નથી ગઈ. ઠીક! બારમું ગુણસ્થાન લ્યો તો ત્યાં ક્ષય થઈ ગયો. સર્વ પ્રકારનો જે રાગાદિ ભાવ છે તે ક્ષય થયા અને બારમા ગુણસ્થાનવાળા સાધકને વીતરાગ કહેવાય છે. યથાખ્યાતચારિત્ર પ્રગટ થઈ ગયું ત્યાં. પૂર્ણ શુદ્ધ ચારિત્ર.

મુમુક્ષુ :- જ્ઞાન પૂરું ન થયું.

પૂજ્ય ભાઈશ્રી :- પણ જ્ઞાન પૂરું ન થયું એટલે શું રહ્યું? કે જ્ઞાનની અશુદ્ધતા રહી છે ત્યાં. એ પણ

ભાવ-અશુદ્ધતા છે. એ તેરમા ગુણસ્થાને એ પ્રકારની પણ અશુદ્ધતા રહેતી નથી. નહિતર ત્યાં પુરુષાર્થ પૂર્ણ છે, ચારિત્ર પૂર્ણ છે, આનંદ પૂર્ણ છે પણ જ્ઞાન હજી અજ્ઞાનરૂપ છે, જ્ઞાન અજ્ઞાનરૂપ છે. અજ્ઞાન કહેવાય છે. જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન. કેવળજ્ઞાન નથી ને? એમ.

શું કહે છે? કે '**રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના...**' નીચે ચોથા ગુણસ્થાને પ્રવેશ મળે છે, ચોથા ગુણસ્થાનને સમ્યગ્દષ્ટિપણાને જીવ પ્રાપ્ત થાય છે ત્યારે એને રાગની એકતા તૂટે છે. રાગ રહે છે પણ રાગની એકતા તૂટે છે. રાગનું એકત્વ સંધાન છે, એકત્વબુદ્ધિ છે એ એકત્વબુદ્ધિ મૂળમાંથી તૂટે છે એટલે એના સંસ્કાર પણ એકત્વના રહેતા નથી. એમ થયા વિના શુદ્ધ સ્વરૂપનો સમ્યગ્દર્શનમાં જે અનુભવ થાય છે તે થતો નથી. રાગની એકતા તૂટીને અનુભવ થાય છે. રાગની પણ એકતા રહે અને શુદ્ધાત્મામાં પણ એકતા થાય એમ પરસ્પર બે વિરુદ્ધ વિષયમાં એકતા ન થાય. પરસ્પર બે વિરુદ્ધ વિષયમાં કદી એકતા ન થાય. એટલે રાગની એકતા તૂટે તો શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય. શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય તો રાગની એકતા તૂટે, તૂટે ને તૂટે જ.


આ એક બહુ મોટી વાત છે. મોક્ષમાર્ગના પ્રકરણમાં આ જઘન્યદશા હોવા છતાં, શરૂઆતની દશા છે ને? એ જઘન્યદશા હોવા છતાં, પછી પાચમું-છઠ્ઠું ગુણસ્થાન એ એની—સાધકની મધ્યમ દશા છે અને ઉપરના ગુણસ્થાન જે શુક્લધ્યાનની શ્રેણી માંડે છે એ એના ઉત્કૃષ્ટ સાધકદશાના પરિણામ છે. છતાં અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને સંસારમાર્ગની સ્થિતિ ફરી જાય છે અને મોક્ષમાર્ગની પરિણતિની સ્થિતિ શરૂ થાય છે. એમ પરિણામની આખી દિશા બદલાય છે અને એના પરિભ્રમણનો અંત આવે છે. એ પ્રકાર જોઈને અહીંની જે જઘન્યદશા છે એને પણ શાસ્ત્રમાં ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. બહુ મોટું મહત્ત્વ આપવામાં આવ્યું છે.

પ્રથમમાં પ્રથમ કોઈપણ જીવે, જેને આત્માનું હિત--કલ્યાણ કરવું છે, હિત કરવું છે અથવા કલ્યાણ કરવું છે એણે પોતાના જ્ઞાનબળને અને પુરુષાર્થબળને શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરીને રાગની એકતા તોડવામાં એ બળ લગાવવું જોઈએ. બીજે ક્યાંય પણ શક્તિનો અપવ્યય નહિ કરતાં આ એક જગ્યાએ જો એનો સદ્વ્યય કરવામાં આવે તો એનો સંસાર નાશ પામે. અને નહિતર કોઈ રીતે એનું કલ્યાણ થાય નહિ, એનો સંસાર મટે નહિ. બસ! આ એક મહત્વની વાત છે એ આટલી છે અહીંયાં.

'**રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી.**' અને '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી.**' પહેલો બોલ અહીંયાં ઓલો લીધો, રાગની એકતાવાળો લીધો. પહેલા શરૂઆત કરી છે અસ્તિના બોલથી. એ વાત પૂરી કરીને પછી નાસ્તિના બોલથી શરૂઆત કરી છે પાછી કે '**રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી.**' અને '**સ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી.**' અનેકાંતપણે કહીને વાતને બેય બાજુથી ચોખ્ખી કરી છે. કોઈ જીવ એમ કહે કે હવે અમને ફલાણો રાગ નથી, આ રાગ તો ટાળી દીધો છે હવે, કોઈ રીતે એ રાગ અમને નહિ થાય. એને એમ કહે છે કે ભાઈ! તને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો છે? અંદરમાંથી આનંદરસકંદ પ્રભુ આત્મા છે એનો આસ્વાદ જે આનંદઅમૃતનો આસ્વાદ છે એ આવ્યો છે? જો આવ્યો હોય તો વાત સાચી છે. એ એનું લક્ષણ છે. અને નહિતર ભલે તને એ રાગ અત્યારે ઉત્પન્ન થતો ન દેખાતો હોય તોપણ અંદરમાં રહી ગયો છે. ક્યારે ઉત્પન્ન થશે એની તને ખબર રહેશે નહિ.

*(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં)*

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૬–B



પ્રશ્ન :– હે માતાજી! વચનામૃતમાં આવે છે કે જ્ઞાનીને દષ્ટિ સાથે જ્ઞાન બધો વિવેક કરે છે. તો કેવી રીતે જ્ઞાન વિવેક કરે છે તે આપ કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :– દષ્ટિનું સ્વરૂપ તો 'ગુરુદેવે' ખૂબ સમજાવ્યું છે. સમ્યગ્દર્શન કોને કહેવાય એ 'ગુરુદેવે' બધું સ્પષ્ટ કરીને સમજાવ્યું છે. દષ્ટિ એટલે જેણે આત્માનો આશ્રય ગ્રહણ કર્યો છે એમાં બધા જે અધુરા ભાવો, વિભાવભાવો તે બધાને ગૌણ કરીને એક આત્માને જે ગ્રહણ કરે છે. પરમપારિણામિકભાવસ્વરૂપ આત્મા અનાદિઅનંત છે જે એને ગ્રહણ કરે છે એ દષ્ટિ, બસ, એની આત્મા ઉપર જ રહે છે. એ દષ્ટિ પર્યાયોને બધાને ગૌણ કરે છે. પણ સાથે રહેલું જે જ્ઞાન છે એ જ્ઞાન બધો વિવેક કરે છે કે પર્યાયમાં વિભાવ છે, આ અધૂરી પર્યાય છે, આ પૂરી પર્યાય, આ સાધકદશા છે. એ બધો વિવેક જ્ઞાન કરે છે અને દષ્ટિ ગ્રહણ કરે છે. પણ દષ્ટિ સાથે જ્ઞાન હોય જ છે. જો દષ્ટિ સાથે જ્ઞાન ન હોય તો એ દષ્ટિ યથાર્થ નથી. દષ્ટિ અને જ્ઞાન બે સાથે જ હોય છે. સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાન બે સાથે જ રહેલા છે સાધકદશાની અંદર. પર્યાય અધૂરી છે, આ સાધકદશા છે, સમ્યગ્દર્શન પછી આગળ જવાનું છે, અંદર લીનતા કરવાની છે. હજી આ ચોથી, પાંચમી ભૂમિકાનો બધો વિવેક જ્ઞાનમાં આવે છે. દષ્ટિ એક ચૈતન્ય ઉપર જ, એક મૂળ વસ્તુ ઉપર જ સ્થપાયેલી રહે છે. અંદર સ્વાનુભૂતિમાં પણ દષ્ટિ એક આત્મા ઉપર જ રહે છે. એમ દષ્ટિ અને જ્ઞાન બે સાથે જ રહેલા છે.

દર્શન-જ્ઞાન મુખ્ય, દર્શન ને જ્ઞાન મુખ્ય હોય જેમાં તે જ મુક્તિનો માર્ગ છે. એ દર્શન-જ્ઞાન મુખ્ય હોય એની સાથે ચારિત્ર પણ આવે છે. એ બહાર આટલી ક્રિયા કરી લીધી કે આ કરી લીધું તો મુક્તિનો માર્ગ થયો એમ નથી. જ્યાં દર્શન અને જ્ઞાનની મુખ્યતા હોય છે ત્યાં જ મુક્તિનો માર્ગ શરૂ થાય છે. મુક્તિનો માર્ગ બહારથી શરૂ થતો નથી કે થોડી ક્રિયા કરી લીધી અને થોડો ત્યાગ કરી લીધો. એમ મુક્તિનો માર્ગ શરૂ થતો નથી. મુક્તિનો માર્ગ અંદર દર્શન અને જ્ઞાનથી શરૂ થાય છે. તે જ મુક્તિનો માર્ગ છે. સમ્યગ્દર્શન થાય ત્યારથી જ. બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી. બેય સાથે જ રહેલા છે.

એવો મુક્તિનો માર્ગ ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. ભરત ચક્રવર્તી ગૃહસ્થાશ્રમમાં હતા તોપણ અંદર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હતું. અંશે એને લીનતા પણ સાથે હતી. પણ એ ચારિત્રદશા નહોતી. સ્વરૂપ રમણતાની સાથે જ્ઞાયકની ધારા સાથે ને સાથે રહેતી હતી. જ્ઞાતાધારા એને સાથે ને સાથે રહેતી હતી. ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહેતી હતી. ગમે તે જાતના વિભાવપર્યાયો હોય, દરેક શુભાશુભભાવોની અંદર જ્ઞાયક ધારા જુદીને જુદી જ રહેતી હતી. ભેદજ્ઞાનની ધારા અને દષ્ટિ દ્રવ્ય ઉપર રહેતી. એ જ મુક્તિનો માર્ગ છે. દર્શન-જ્ઞાન પવિત્ર આશ્રમ (છે). દર્શન-જ્ઞાનની જેમાં મુખ્યતા છે તે જ પવિત્ર આશ્રમ છે.

એનાથી જ સામ્યની, મુક્તિની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શન જ મુક્તિ છે. તે જ મુક્તિનો માર્ગ છે. 'ગુરુદેવે' ખૂબ સ્પષ્ટ કરેલું છે.

પ્રશ્ન :- હે પૂજ્ય ભગવતીમાતા! હમ બાલકોંકો તારનેવાલી! મુમુક્ષુઓંકા હૃદય ભીગા હુઆ રહના ચાહિયે, ઈસકે લિયે થોડા-સા સ્પષ્ટીકરણ કીજીએ.

ઉત્તર :- શું કહે છે?

પ્રશ્ન :- મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું રહેવું જોઈએ એના ઉપર.

ઉત્તર :- મુમુક્ષુનું હૃદય તો ભીંજાયેલું જ રહેવું જોઈએ કારણ કે આત્મા છે. આ વિભાવ કાંઈ પોતાનો સ્વભાવ નથી. અને આત્મામાં જ બધું ભરેલું છે. એની જ મહિમા લાગવી જોઈએ. આ વિભાવથી એને વિરક્તિ-વૈરાગ્ય આવવો જોઈએ. અંદરથી આત્માનું કેમ કલ્યાણ થાય? આ ભવભ્રમણ કેમ છૂટે? આ અંદર સુખની પ્રાપ્તિ કેમ થાય? એવી જાતનો અંદરમાં એને વૈરાગ્ય, મહિમા બધું રહેવું જોઈએ અને તત્ત્વનો નિર્ણય પણ સાથે હોવો જોઈએ. ભીંજાયેલું હૃદય હોવું જોઈએ.

મુમુક્ષુનું કાર્ય, જે મુમુક્ષુને શોભે એવું જ એનું કાર્ય હોય. મુમુક્ષુતા બહારનું એનું કાર્ય ન હોય. અંદર હૃદય ભીંજાયેલું હોય. એની ખટક રહેવી જોઈએ કે આત્માનું સ્વરૂપ કેમ સમજાય? અંદર એવી ખટક રહેવી જોઈએ. 'કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ' મોક્ષની અભિલાષ હોવી જોઈએ. એને તીવ્ર એવી જાતના કષાયો, એવી જાતનો રસ, અનંતાનુબંધી એવો તીવ્ર રસ ન હોય. અંતરથી આત્મા તરફનો રસ અને ઉગ્રતા રહેવી જોઈએ. આત્માની જ લગની, આત્માની જ મહિમા એવું અંતરમાંથી રહેવું જોઈએ.

પ્રશ્ન :- 'કૃપાળુદેવ'માં આવે છે, 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ' તો વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ એ તો સમજાય છે. કાયરને પ્રતિકૂળ. કાયરને શું કાયરતા રહી જાય છે કે પ્રતિકૂળ પડે છે?

ઉત્તર :- 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ...' શાંતરસ જેમાં ભરેલો છે. એ વીતરાગના વચનો એવા છે કે જે શાંતરસથી ભરપુર છે અને અંતરમાં શાંતરસ પ્રગટ થાય એવા છે. 'ઔષધ જે ભવરોગના...' એ ઔષધ છે ભવરોગના—ઔષધ હોય તો વીતરાગની વાણી છે. 'ગુરુદેવ'ની વાણી છે તે ઔષધરૂપ છે. પણ કાયરને પ્રતિકૂળ છે. જેને પુરુષાર્થ કરવો નથી, કાયરતા જેનામાં ભરેલી છે. જેને આત્માની કાંઈ લાગી નથી એને બધું પ્રતિકૂળ લાગે છે. કારણ કે અંતર આત્મામાં તું સમાય જા, આત્મામાં જ છે બધું, એ જેને છોડવું અઘરું પડે છે. એને બહારનો રસ જને છે, સંસારનો રસ લાગ્યો છે, વિભાવનો રસ લાગ્યો છે એવા કાયરને તે પ્રતિકૂળ લાગે છે. અંતરમાંથી તું બધેથી છૂટી જા. બધા વિકલ્પથી, બધાથી છૂટી જા. અંદર શાંતરસ ભર્યો છે. એવી વાત જે કાયરો છે, પુરુષાર્થ જેને કરવો નથી એવા જીવોને તે પ્રતિકૂળ પડે છે. એને તો બહારનું જ બધું ગમે છે. જેને પુરુષાર્થ કરવો નથી એને બધું બહારનું જ ગમે છે. અંતરની રુચિ લાગતી નથી. ભગવાનના વચનો કાયરને પ્રતિકૂળ છે.

પ્રશ્ન :- મુનિ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા ન રહે, તો મુનિરાજને કેવી મર્યાદા હોય છે?

ઉત્તર :- મુનિ પોતાની મર્યાદા છોડીને બહાર જતા નથી. એની જે દશા છે આત્મામાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ક્ષણે-ક્ષણે અંતર્મુહૂર્તે ઝુલતા હોય છે. ક્ષણમાં બહાર આવે, ક્ષણમાં અંતરમાં જાય. બહાર આવે તો શ્રુતજ્ઞાનના વિચારો હોય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વિચાર હોય છે, શુભ વિકલ્પ હોય છે. પણ એમાં ઝાઝી વાર રોકાતા નથી, તરત અંતરમાં જાય છે. ક્ષણે-ક્ષણે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય છે. એવી દશામાંથી એ બહાર શુભભાવમાં પણ ઝાઝી વાર રોકાતા નથી. એને શુભભાવનો પણ એટલો રસ ચડી જાતો નથી કે મુનિની મર્યાદા જે સાતમે ગુણસ્થાને જવાની (એમાં) સહજ ચાલ્યા જાય છે. એટલો રસ એને શુભમાં (આવતો નથી). એ શાસ્ત્ર લખે છે માટે શાસ્ત્રમાં એટલો બધો રસ ચડી ગયો કે એટલી બધી એને એકત્વતા થઈ ગઈ કે સાતમું ગુણસ્થાન ન આવે. તો એની મુનિદશા પલટાઈ જાય. શાસ્ત્ર લખતા હોય, ભગવાનના સ્તોત્ર રચતા હોય, ભગવાનના સ્તોત્ર બોલતા હોય, ઉપદેશ દેતા હોય એ બધામાં એવો રસ લાગી જાય કે આત્માની જ્ઞાયકધારા તો હોય પણ અંદર લીનતા કરવાનું એનું છૂટી જાય એમ ન બને. એ તો મુનિપણાની મર્યાદા છૂટી ગઈ.

અને વિકલ્પમાં પણ મુનિના જે કાર્યો પંચ મહાવ્રતના છે એની મર્યાદામાં ઊભા હોય છે. એથી વિશેષ એને ગૃહસ્થના કાર્યો હોય એવા કાર્યોમાં એ જોડાય નહિ. ગૃહસ્થો સાથે વિશેષ વાતચીત કરવી, ગૃહસ્થોના કાર્યોમાં જોડાવું, કોઈ વ્યવસ્થાઓમાં જોડાવું એવું કાર્ય મુનિને હોતું નથી. તો એની મુનિદશા પલટી જાય છે. એવું એને બહારમાં નથી હોતું. અંતરમાં પણ શુભભાવમાં વિશેષ રોકાતા નથી. એ તો અંતરમાં છે. એવો એને રસ લાગી ગયો કે અપ્રમત્ત દશા આવે નહિ એવું બનતું નથી. એટલે મર્યાદા છોડીને બહાર જતા નથી. એને તો આત્મામાં જ ગમે છે મુનિઓને તો.

શાસ્ત્રમાં આવે છે ને કે બધું છૂટી ગયું, બધાનો નિષેધ તમે કરો છો તો મુનિદશા, મુનિપણું કેવી રીતે પાળશે? મુનિ કોને આશ્રયે મુનિપણું પાળશે? મુનિ કાંઈ અશરણ નથી. એને આત્માનું શરણ છે. એ આત્માના અમૃતમાં એવા નિરત છે—એમાં લીન છે કે એને તો આત્માનું જ શરણ છે. બહાર શુભભાવો આવે તો બધાનો નિષેધ આવે છે. બધાનો નિષેધ કરો તો મુનિપણું કોના આધારે પાળશે? કે મુનિપણું એના પોતાના સ્વરૂપના આધારે વારંવાર અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વરૂપમાં જાય છે. એને આધારે તે મુનિપણું પાળી રહ્યા છે. જો એનાથી વધારે શુભભાવોમાં પણ જો રોકાઈ જાય તો એની અપ્રમત્તદશા જો ન આવે તો મુનિની દશા ઓળંગી જાય છે. અને બહારના કાર્યોમાં કોઈ ગૃહસ્થ જેવા કાર્યોમાં રોકાઈ જાય તો એ વિશેષ પંચ મહાવ્રતથી બહાર જાય છે. એવી મર્યાદા છૂટીને (બહાર નથી આવતા). મુનિની દશા એને યોગ્ય શુભભાવો હોય છે.

ગૃહસ્થનોને ગૃહસ્થોને યોગ્ય હોય છે અણુવ્રત ને એ. સમ્યગ્દર્શનને સમ્યગ્દર્શનને યોગ્ય અને મુનિને મુનિપણાને યોગ્ય હોય છે. એવી મર્યાદા હોય છે મુનિદશાની. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા મુનિ એમાં ને એમાં આગળ જાય છે. અને કોઈને તે ભવે કેવળજ્ઞાન થાય છે, કોઈને બીજા ભવે કેવળજ્ઞાન થાય છે. એ મુનિની દશા છે.

પ્રશ્ન :- સાતમાને બાધા પહોંચે એવા શુભભાવમાં પણ ન આવે અને છઠ્ઠાથી નીચે જાય એવા અશુભ પરિણામ પણ ન આવે.

ઉત્તર :- એવા પણ અશુભ ન હોય. છઠ્ઠાથી નીચે જાય એવા ન હોય. અને સાતમાને વિઘ્ન ન થાય આવે શુભભાવ ન આવે.

પ્રશ્ન :- એનું નામ મુનિપણાની મર્યાદા એને કહેવાય.

ઉત્તર :- હા, એ મુનિપણાની મર્યાદા છે.

પ્રશ્ન :- મુનિરાજ સમ્યગ્દૃષ્ટિને વંદન કરે છે—'નિયમસાર' ગાથા ૭૨માં છે. એનો ખુલાસો કરો.

ઉત્તર :- મુનિરાજ સમ્યગ્દૃષ્ટિને વંદન કરે છે એટલે એનો આદર કરે છે. મુક્તિનો માર્ગ બધો આદરવા યોગ્ય છે. સમ્યગ્દર્શનથી માંડીને ઠેઠ સુધીનો જે મુક્તિનો માર્ગ છે, મુક્તિની દશા છે એ બધો આદરવા યોગ્ય છે. એમ. મુનિ વ્યવહાર કરતા નથી. બહારથી સમ્યગ્દૃષ્ટિને દેખીને એમ સીધી રીતે વંદન (કરે) એમ નહિ. એનો આદર કરે છે અંતરમાં કે જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, એવું જે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એવો જે આત્મા એ વંદન યોગ્ય છે, એને વંદન કરું છું. એમ એનો આદર કરે છે. એને સીધી રીતે વંદન કરે છે એવો એનો અર્થ નથી. મુક્તિનો માર્ગ અમને આદરણીય છે. જેને મુક્તિનો માર્ગ પ્રગટ થયો એવી મુક્તિ પ્રગટ થઈ એ અમને આદરવા યોગ્ય છે. એમ કહે છે.

પ્રશ્ન :- અનુમોદન કર્યું.

ઉત્તર :- અનુમોદન કરે છે. અનાદિ કાળથી જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, મુક્તિનો માર્ગ શરૂ થયો નથી અને મુક્તિનો માર્ગ શરૂ થાય એ સમ્યગ્દર્શન જેમાં મુખ્ય છે. પછી એના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું થાય. એ વિશેષ આરાધના થાય. એ ત્રણે રત્ન ભેગા થાય એટલે પૂરી દશા કેવળજ્ઞાન સુધી પહોંચે છે. એટલે સમ્યગ્દર્શનથી માંડીને જ્યારથી મુક્તિનો માર્ગ શરૂ થયો અને મુક્તિનો અંશ પ્રગટ થયો એ બધું આદરવા યોગ્ય છે.

પ્રશ્ન :- સન્માર્ગ જયવંત વર્તો એમાં એ આવી ગયું.

ઉત્તર :- એમાં આવી ગયું. સન્માર્ગ જયવંત વર્તો.

પ્રશ્ન :- દરેક ક્ષણે આત્માને ઊર્ધ્વ રાખવો એટલે શું?

પ્રશ્ન :- જ્ઞાનીનો ઉપયોગ બહાર હોય છતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર ટકેલી છે. તો એક સાથે બે કેવી રીતે રહે?

ઉત્તર :- ઉપયોગ બહાર હોય અને દૃષ્ટિ અંદર હોય, ઉપયોગ બહાર છે અને દૃષ્ટિ અંદર છે. પણ ઉપયોગ બહાર એવી જાતનો નથી કે એ એકદમ ઉપયોગ બધો બહાર જ છે અને દૃષ્ટિ અંદર (નથી). એની જ્ઞાનની પરિણતિ, દૃષ્ટિ સાથે જ્ઞાનની પરિણતિ પણ અંદર છે. ઉપયોગ ભલે બહાર હોય પણ દૃષ્ટિ સાથે જ્ઞાનની પરિણતિ છે. જે દૃષ્ટિ પ્રગટ થઈ એ દૃષ્ટિએ આત્માનો આશ્રય લીધો તો જ્ઞાન પણ આત્માનો આશ્રય લે છે, જ્ઞાન પણ દૃષ્ટિને ટેકો આપે છે. જ્ઞાન ઊંધું કામ કરે છે અને દૃષ્ટિ ઊંધું કામ કરે છે એવું નથી. એકબીજાને સાથ આપે છે.

જે દૃષ્ટિએ ગ્રહણ કર્યો આત્માને એ આત્માને જ્ઞાન પણ ગ્રહણ કરે છે. પણ જ્ઞાનનું કાર્ય વિશેષમાં બીજાને જાણે છે. એ દ્રવ્યને અને પર્યાયને બધાને જાણે છે. જ્ઞાન જાણે છે બધું. દૃષ્ટિ એક આત્માને ગ્રહણ કરીને જોરથી એનો આશ્રય ગ્રહણ કરે. જ્ઞાન એને ટેકો આપી એનું કાર્ય જેમ છે એમ રાખી

અને પોતે ઉપયોગ એનો બહાર જાય છે. ઉપયોગ એવી રીતે બહાર જાતો નથી કે દૃષ્ટિને તોડીને ઉપયોગ બહાર જાતો નથી. દૃષ્ટિને ગ્રહણ કરીને, દૃષ્ટિને સાથ આપીને ઉપયોગ બહાર જાય છે. એની જ્ઞાતાધારા એમ ને એમ છે. ચારિત્ર પણ આત્માને ટેકો (આપે છે). જે દૃષ્ટિ છે એને ટેકો આપીને એમાં ઠરે છે. આત્માનો આશ્રય લઈને ચારિત્ર પણ એમાં ઠરે છે. એ બધાને સાથ આપનારા છે. એ વિરુદ્ધ વાતાવરણ નથી એનું. એક સાથ આપીને કાર્ય કરનાર છે.

જે દૃષ્ટિએ આરાધના શરૂ કરી એ આરાધનાની વિશેષ આરાધના કરનારા, એની સાથે જ્ઞાન અને ચારિત્ર એ વિશેષ આરાધના કરનારા (છે). દૃષ્ટિ ભલે મુખ્ય હોય બધાને સાથ આપનારા છે. ઉપયોગ બહાર હોય અને દૃષ્ટિ કાંઈ ઊંધું કામ કરે, દૃષ્ટિ ઊંધી અને જ્ઞાન ઊંધું કામ કરે એવું નથી. એકબીજા એકબીજાને સાથ આપી રહ્યા છે. કોઈ અપેક્ષાએ આત્મા નિત્ય, કોઈ અપેક્ષાએ અનિત્ય, કોઈ અપેક્ષાએ શુદ્ધ, કોઈ અપેક્ષા અશુદ્ધ એ બધું વિરોધી નથી. દ્રવ્ય વસ્તુ અપેક્ષાએ શુદ્ધ અને પર્યાયમાં અશુદ્ધતા–એ બધું અવિરોધ છે. અનેકાંત સ્વભાવ અવિરોધ છે. એમ એની પરિણતિ પણ અવિરોધ છે. જે જ્ઞાન જ્ઞાયકની ધારા, દૃષ્ટિ, જ્ઞાયકની ધારા એની જ્ઞાતાધારા રાખીને ઉપયોગ બહાર જાય છે. ઉપયોગ અનાદિનો જેમ એકત્વબુદ્ધિથી—રાગની એકત્વબુદ્ધિથી ઉપયોગ બહાર જાતો હતો એવી રીતે જાતો નથી. જ્ઞાયકની જ્ઞાતાધારા દરેક ક્ષણે ઊભી છે અને ઉપયોગ બહાર જાય છે. ઉપયોગ પોતાની પરિણતિ દૃષ્ટિને ટેકો આપી અને એની જ્ઞાયકતા—પરિણતિ જ્ઞાયકની ટકાવીને બહાર જાય છે. આત્માને છોડીને ઉપયોગ બહાર જાતો નથી. એવી ભેદજ્ઞાનની ધારા એમ ને એમ ચાલતા-ચાલતા એવી જ રીતે એ આગળ જાય છે. એકબીજા એકબીજાના વિરોધી નથી.

પ્રશ્ન :- એક જ સમયમાં ઉપયોગ બહાર પણ હોય અને...

ઉત્તર :- અને અંતરમાં પરિણતિ છે. જ્ઞાનની પરિણતિ સાથે છે. દૃષ્ટિ અને જ્ઞાનની પરિણતિ છે. ઉપયોગ બહાર હોય તોપણ.

પ્રશ્ન :- એ પરિણતિને આપ લબ્ધરૂપ પરિણતિ કહેશો?

ઉત્તર :- હા, એ લબ્ધરૂપ પરિણતિ છે. કામ કરનારા બધા હોય, કાર્ય બધાને એક જ કરવાનું છે. અનંત ગુણરત્નાકર આત્મા છે. એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર બધા એકબીજા એકબીજાને સાથ આપનારા છે.

પ્રશ્ન :- ઝઘડતા નથી અંદર?

ઉત્તર :- ના, અંદર ઝઘડતા નથી, વિરોધ નથી. ઓલાને તોડી નાખે, તો આને તોડી નાખે છે એમ નથી.

પ્રશ્ન :- દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ મુખ્ય ગુણ જ્ઞાનગુણ છે?

ઉત્તર :- સાધનાની અંદર દર્શનની મુખ્યતા રહે છે—સમ્યગ્દર્શનની. પહેલા જાણવા માટે વ્યવહાર જ્ઞાન આવે છે. હજી જાણ્યું નથી. નિર્ણય કરવામાં (જ્ઞાન મુખ્ય હોય છે). પણ સાધના જ્યાં શરૂ થઈ ત્યાં આશ્રય મજબુતપણે સમ્યગ્દર્શન—દર્શને લીધો છે. તે મુખ્યતા દર્શનની રહી. પણ જ્ઞાન-ચારિત્ર એ બધું સાથે આવે તો જ આરાધના પૂરી થાય છે. દર્શને આત્માને ગ્રહણ કર્યો. એની આરાધના વિશેષ તો ત્રણે રત્ન ભેગા થાય ત્યારે જ થાય છે. ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાડે છે.

*(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક–૨૧૮)*

અમારી પરમ ભક્તિ છે, અને તેથી અમે ધારીએ છીએ કે 'અધિષ્ઠાન' તો તેમણે જાણેલું, પણ લોકોએ પરંપરાએ માર્ગની ભૂલથી લય કરી નાખ્યું.

જગતનું કોઈ 'અધિષ્ઠાન' હોવું જોઈએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે. અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે. અને તે 'અધિષ્ઠાન' તે હરિ ભગવાન છે. જેને ફરી ફરી હૃદયદેશમાં જોઈએ છીએ.

'અધિષ્ઠાન' વિષે તેમ જ ઉપલાં કથન વિષે સમાગમે અધિક સત્કથા થશે. લેખમાં તેવી આવી શકશે નહીં. માટે આટલેથી અટકું છું.

જનક વિદેહી સંસારમાં રહ્યા છતાં વિદેહી રહી શક્યા એ જોકે મોટું આશ્ચર્ય છે, મહા મહા વિકટ છે, તથાપિ પરમજ્ઞાનમાં જ જેનો આત્મા તદાકાર છે, તેને જેમ રહે છે, તેમ રહ્યું જાય છે. અને જેમ પ્રારબ્ધકર્મનો ઉદય તેમ વર્તતાં તેમને બાધ હોતો નથી. દેહ સહિતનું જેનું અહંપણું મટી ગયું છે, એવા તે મહાભાગ્યનો દેહ પણ આત્મભાવે જ જાણે વર્તતો હતો; તો પછી તેમની દશા ભેદવાળી ક્યાંથી હોય ?

શ્રીકૃષ્ણ એ મહાત્મા હતા, જ્ઞાની છતાં ઉદયભાવે સંસારમાં રહ્યા હતા, એટલું જૈનથી પણ જાણી શકાય છે, અને તે ખરું છે; તથાપિ તેમની ગતિ વિષે જે ભેદ બતાવ્યો છે તેનું જુદું કારણ છે. અને ભાગવતાદિકમાં તો જે શ્રીકૃષ્ણ વર્ણવ્યા છે તે તો પરમાત્મા જ છે પરમાત્માની લીલાને મહાત્મા કૃષ્ણને નામે ગાઈ છે. અને એ ભાગવત અને એ કૃષ્ણ જો મહાપુરુષથી સમજી લે તો જીવ જ્ઞાન પામી જાય એમ છે. આ વાત અમને બહુ પ્રિય છે. અને તમારા સમાગમે હવે તે વિશેષ ચર્ચશું. લખ્યું જતું નથી.


સ્વર્ગ–નરકાદિની પ્રતીતિનો ઉપાય યોગમાર્ગ છે. તેમાં પણ જેમને દૂરંદેશી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે તેની પ્રતીતિ માટે યોગ્ય છે. સર્વકાળ એ પ્રતીતિ પ્રાણીને દુર્લભ થઈ પડી છે. જ્ઞાનમાર્ગમાં એ વિશેષ વાત વર્ણવી નથી, પણ તે બધાં છે, એ જરૂર.

મોક્ષ જેટલે સ્થળે બતાવ્યો છે તે સત્ય છે. કર્મથી, ભ્રાંતિથી અથવા માયાથી છૂટવું તે મોક્ષ છે. એ મોક્ષની શબ્દવ્યાખ્યા છે.

જીવ એક પણ છે અને અનેક પણ છે. અધિષ્ઠાનથી એક છે. જીવરૂપે અનેક છે. આટલો ખુલાસો લખ્યો છે, તથાપિ તે બહુ અધૂરો રાખ્યો છે. કારણ લખતાં કોઈ તેવા શબ્દો જડ્યા નથી. પણ આપ સમજી શકશો, એમ મને નિઃશંકતા છે.

તીર્થંકરદેવને માટે સખત શબ્દો લખાયા છે માટે તેને નમસ્કાર.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુલાઈ–૨૦૨૦)નું શુલ્ક એક મુમુક્ષુ, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




**પત્રાંક ૨૧૮**

**મુંબઈ, ફાગણ સુદ ૧૩, સોમ, ૧૯૪૭**

સર્વાત્મા હરિને નમસ્કાર

'સત્' સત્ છે, સરળ છે, સુગમ છે, તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.

સત્ છે. કાળથી તેને બાધા નથી. તે સર્વનું અધિષ્ઠાન છે. વાણીથી અકથ્ય છે. તેની પ્રાપ્તિ હોય છે; અને તે પ્રાપ્તિનો ઉપાય છે.

ગમે તે સંપ્રદાય, દર્શનના મહાત્માઓનો લક્ષ એક 'સત્' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મૂંગાની શ્રેણે સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કંઈક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.

લોકનું સ્વરૂપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રૂપાંતર પામ્યા કરે છે; અનેક રૂપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રૂપ બાહ્ય જ્ઞાને જણાયું નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણાં દીર્ઘ વિસ્તારવાળાં રૂપ લય પામ્યાં જાય છે. મહાત્માના વિદ્યમાને વર્તતું લોકનું સ્વરૂપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઈક રૂપાંતરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વ કાળ જેની એક સ્થિતિ નથી એવું એ રૂપ 'સત્' નહીં હોવાથી ગમે તે રૂપે વર્ણવી તે કાળે ભ્રાંતિ ટાળી છે, અને એને લીધે સર્વત્ર એ સ્વરૂપ હોય જ એમ નથી, એમ સમજાય છે. બાળજીવ તો તે સ્વરૂપને શાશ્વતરૂપ માની લઈ ભ્રાંતિમાં પડે છે, પણ કોઈ જોગજીવ એવી અનેકતાની કહેણીથી મૂંઝાઈ જઈ 'સત્' તરફ વળે છે. ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે. 'ભ્રાંતિ'નું જ રૂપ એવું આ જગત વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એ જ ઉદ્દેશ છે કે તે સ્વરૂપનો વિચાર કરતાં પ્રાણી ભ્રાંતિ પામે કે ખરું શું? આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું, અને મને શું કલ્યાણકારક? એમ વિચારતાં વિચારતાં એને એક ભ્રાંતિનો વિષય જાણી, જ્યાંથી 'સત્'ની પ્રાપ્તિ હોય છે એવા સંતના શરણ વગર છૂટકો નથી, એમ સમજી તે શોધી, શરણાપન્ન થઈ 'સત્' પામી 'સત્'રૂપ હોય છે.

જૈનની બાહ્યશૈલી જોતાં તો અમે તીર્થંકરને સંપૂર્ણજ્ઞાન હોય એમ કહેતાં ભ્રાંતિમાં પડીએ છીએ. આનો અર્થ એવો છે કે જૈનની અંતર્શૈલી બીજી જોઈએ. કારણ કે 'અધિષ્ઠાન' વગર આ જગતને વર્ણવ્યું છે, અને તે વર્ણન અનેક પ્રાણીઓ, વિચક્ષણ આચાર્યોને પણ ભ્રાંતિનું કારણ થયું છે. તથાપિ અમે અમારા અભિપ્રાય પ્રમાણે વિચારીએ છીએ, તો એમ લાગે છે કે તીર્થંકરદેવ તો જ્ઞાની આત્મા હોવા જોઈએ, પણ તે કાળ પરત્વે જગતનું રૂપ વર્ણવ્યું છે, અને લોકો સર્વકાળ એવું માની બેઠા છે, જેથી ભ્રાંતિમાં પડ્યા છે. ગમે તેમ હો, પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચઢેલું વહાણ, અને તે પણ જૂનું, એ ભયંકર છે. તેમ જ જૈનની કથની ઘસાઈ જઈ, 'અધિષ્ઠાન' વિષયની ભ્રાંતિરૂપ ખરાબે તે વહાણ ચઢ્યું છે, જેથી સુખરૂપ થવું સંભવે નહીં. આ અમારી વાત પ્રત્યક્ષપણે દેખાશે.

તીર્થંકર દેવના સંબંધમાં અમને વારંવાર વિચાર રહ્યા કરે છે કે તેમણે 'અધિષ્ઠાન' વગર આ જગત વર્ણવ્યું છે, તેનું શું કારણ? શું તેને 'અધિષ્ઠાન'નું જ્ઞાન નહીં થયું હોય? અથવા 'અધિષ્ઠાન' નહીં જ હોય? અથવા કોઈ ઉદ્દેશે છુપાવ્યું હશે? અથવા કથન ભેદે પરંપરાએ નહીં સમજાયાથી 'અધિષ્ઠાન' વિષેનું કથન લય પામ્યું હશે? આ વિચાર થયા કરે છે. જો કે તીર્થંકરને અમે મોટા પુરુષ માનીએ છીએ, તેને નમસ્કાર કરીએ છીએ, તેના અપૂર્વ ગુણ ઉપર

*(પત્રનો શેષ અંશ પૃષ્ઠ-૧૮ ઉપર...)*